GJJN110000822026

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | 17 | 01 | 2026 |
| દાખલ તારીખ : | 17 | 01 | 2026 |
| ફેસલ તારીખ : | 29 | 04 | 2026 |
| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | 00 | 03 | 12 |

**આંક : ૨૬.**

---

## મહેરબાન ભેસાણના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ભેસાણ.

---

**:: નમૂના–અ ::**

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૨૯/૦૪/૨૦૨૬. |
| **ફોજદારી કેસ નંબર** | **૫૧/૨૦૨૬.** |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | બી.એન.એસ.નીકલમ–૧૧૫(૨),૧૧૮(૧),૨૯૬(બી), ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૩૦૦૭૨૫૦૩૨૬/૨૦૨૫. |
| પોલીસ સ્ટેશન | ભેસાણ પોલીસ સ્ટેશન. |
| ફરીયાદ પક્ષ | **શ્રી સરકાર**<br>(મુળ ફરીયાદી : નાજાભાઈ દાનાભાઈ પરમાર) |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એમ.એચ.સિંધી. |
| બચાવ પક્ષ | **(૧) મુકેશભાઈ નાજાભાઈ પરમાર,**<br>ઉ.વ.૪૫, ધંધો : મજુરી,<br>**(૨) હરેશભાઈ મુકેશભાઈ પરમાર,**<br>ઉ.વ.૨૨, ધંધો : મજુરી,<br>**(૩) ભાનુબેન વા.ઓ. મુકેશભાઈ નાજાભાઈ પરમાર,**<br>ઉ.વ.૪૫, ધંધો : મજુરી,<br>રહે.તમામ છોડવડી સોવારીયા પ્લોટ, રાણપુર રોડ, તા.ભેસાણ,જી.જુનાગઢ |
| રજુઆત | વિ. વકીલ શ્રી એસ.આર.ડોડીયા |

## :: નમૂના–બ ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૫/૦૮/૨૦૨૫. |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૫/૦૮/૨૦૨૫. |
| આખરી અહેવાલની તારીખ | ૦૪/૧૧/૨૦૨૫. |
| તહોમતનામાની તારીખ | ૨૫/ ૦૨/૨૦૨૬. |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૨/૦૪/૨૦૨૬. |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૨૪/૦૪/૨૦૨૬. |
| ચૂકાદાની તારીખ | ૨૯/૦૪/૨૦૨૬. |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

## :: આરોપીઓની વિગત ::

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧.<br>૨.<br>૩. | મુકેશભાઈ નાજાભાઈ પરમાર,<br>હરેશભાઈ મુકેશભાઈ પરમાર,<br>ભાનુબેન વા.ઓ. મુકેશભાઈ નાજાભાઈ પરમાર, | – | – | બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી),૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબ. | નિર્દોષ | –– | –– |

## :: નમૂનો ક ::

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

### અ. ફરિયાદ પક્ષના સાક્ષી

| ક્રમ. | પુરાવાનો પ્રકાર | સાહેદનું નામ | આંક |
|---|---|---|---|
| ૧. | ફરીયાદી | નાજાભાઈ દાનાભાઈ પરમારની જુબાની. | ૧૩ |
| ૨. | સાહેદ | શામજીભાઈ નાજાભાઈ પરમારની જુબાની. | ૧૫ |
| ૩. | સાહેદ | મુકતાબેન શામજીભાઈ પરમારની જુબાની. | ૧૬ |

## ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

### અ. ફરિયાદ પક્ષ

| ક્રમ. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ. | ૧૪ |
| ૨. | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ. | ૧૭ |
| ૩. | મુદામાલ કબજે કર્યાના પંચનામાની ખરી નકલ. | ૧૮ |
| ૪. | મેજી.સાહેબશ્રી,જુનાગઢના હથિયારબંધીના જાહેરનામાની ખરી નકલ. | ૧૯ |
| ૫. | મેડીકલ સર્ટીફીકેટર્સ. | ૨૦ થી ૨૪ |

### ડ. ભૌતિક પદાર્થ :

| અનુ. નં. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | – | – |

**–:: ઠરાવ ::–**

(૧). ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીઓ તથા ચાર્જશીટની કોલમ નં.ર માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરીએ ગઈ તા.૧૫/૦૮/૨૦૨૫ ના ક.૨૦/૩૦ વાગ્યના અરસામા છોડવડી ગામે આ કામના ફરિયાદીના દીકરાએ નવી મોટરસાયકલ લીધેલ હોય જે આ કામના ફરિયાદીના આગલા ઘરના દીકરા આરોપી નં.(૧) ને ગમતુ ન હોય જેથી આરોપી નં. (૨) લોખંડનો પાઈપ લઈ તથા આરોપી નં.(૩) તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરી લાકડી લઈ ફરીયાદીના ઘર પાસે આવી અને કહેલ કે તે મારા પૈસાની મોટર સાયકલ શું કામ લીધેલ છે તેમ કહી ભુંડી ગાળો આપી ફરિયાદીને આરોપી નં.(૨) તથા (૩) નાએ લોખંડનો પાઈપ તથા લાકડી વડે માથાના ભાગે મારી અને કાયદા ના સંઘર્ષમાં આવેલ કીશોરીએ લાકડી વડે ફરિયાદીને શરીરે માર મારી અને સાહેદ નં.(૬) તથા સાહેદ નં.(૭) વચ્ચે પડતા આરોપીઓ તેને પણ માર મારી ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનામા એકબીજાને મદદગારી કરી મહે. જિલ્લા મેજી.સાહેબ જૂનાગઢના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ એકબીજાની મદદગારીથી ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદીએ

ફરીયાદ આપતા પોલીસે ફરીયાદીની ફરીયાદ નોંધી, આ ગુનાની તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ઉપરોકત ગુના મુજબનુ ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

(૨). આ કામના આરોપીઓને ધોરણસરની સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થયા હતા. તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ ની જોગવાઈઓ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપી આરોપી ઓ સામે આંક–૫ થી તહોમતનામું ફરમાવી આંક–૬, આંક–૭ અને આંક–૮ થી પ્લી નોંધવામાં આવતાં ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩). ત્યારબાદ, આ કામે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષ તરફે ઉપરોકત નમુના 'ક' માં જણાવ્યા મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

(૪). આમ, આ કામે ઉપર મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ થયા બાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે ફરીયાદી તથા સાહેદે આંક–૨૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરતા, આ કામે ફરીયાદ પક્ષ તરફે વિશેષ પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫). ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી અને આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીતથા આરોપીઓના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬). સદરહુ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુદ્દા</u> ::–**

**મુદ્દા નં.૧. :** શું ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર રીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ તથા ચાર્જશીટની કોલમ નં.૨ માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરીએ ગઈ તા.૧૫/૦૮/૨૦૨૫

ના ક.૨૦/૩૦ વાગ્યના અરસામા છોડવડી ગામે આ કામના ફરિયાદીના દીકરાએ નવી મોટરસાયકલ લીધેલ હોય જે આ કામ ના ફરિયાદીના આગલા ઘરના દીકરા આરોપી નં.(૧) ને ગમતુ ન હોય જેથી આરોપી નં.(૨) લોખંડનો પાઈપ લઈ તથા આરોપી નં.(૩)તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરી લાકડી લઈ ફરીયાદી ના ઘર પાસે આવી અને કહેલ કે તે મારા પૈસાની મોટર સાયકલ શું કામ લીધેલ છે તેમ કહી ભુંડી ગાળો આપી ફરિયાદીને આરોપી નં.(૨) તથા (૩) નાએ લોખંડનો પાઈપ તથા લાકડી વડે માથાના ભાગે મારી અને કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરીએ લાકડી વડે ફરિયાદીને શરીરે માર મારી અને સાહેદ નં.(૬) તથા સાહેદ નં.(૭) વચ્ચે પડતા આરોપીઓ તેને પણ માર મારી ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનામા એકબીજાને મદદગારી કરી મહે. જિલ્લા મેજી. સાહેબ જૂનાગઢના હથિયારબંધી ના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી), ૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યો છે ?

**મુદ્દા નં.ર. :** આખરી શું હુકમ ?

**(૭).** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧). નકારમાં.

(૨). આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદ્દા નં.૧**

**(૮).** સદર કામે આરોપી વિરૂધ્ધનો ઉપરોકત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદી નાજાભાઈ દાના ભાઈ પરમારને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ સોગંદ

ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ તા.૧૫–૦૬–૨૫ ના રોજ તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી, જેથી તેઓએ પોલીસ ફરીયાદ આપેલ, જે ફરીયાદ પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવી આંક–૧૪ થી રજુ રાખેલ છે, તેમજ તેઓને આરોપીઓએ કોઈ હથિયાર વડે માર મારેલ નથી કે કોઈ ભુંડી ગાળો આપેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી અને અન્ય કોઈ બીજાને પણ માર મારેલ નથી તેમ જણાવેલ છે. આમ, સદર ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરી આ અદાલતની પરવાનગીથી ફરીયાદી તથા સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં તેઓની ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.બચાવપક્ષના વિ.વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી સિવાય અન્ય કોઈ બનાવ બનેલો નથી, આરોપીએ તેઓને કોઈ ગાળો આપી ઝપાઝપી કરી હથિયાર વડે માર મારેલ હોય તેવુ બનેલ નથી.

(૯). ત્યારબાદ, ફરીયાદ પક્ષે સાહેદ શામજીભાઈ નાજાભાઈ પરમારને આંક–૧૫ થી તથા સાહેદ મુકતાબેન શામજીભાઈ પરમારને આંક–૧૬ થી તપાસેલા છે,પરંતુ આ સાહેદો પણ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા નથી અને તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી હોવાનું અને આરોપીઓએ તેઓને કોઈ હથિયાર વડે માર મારેલ નથી તેમ જણાવેલ છે. આમ, સદર સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરી, આ અદાલતની પરવાનગી થી સાહેદોની ઉલટતપાસ કરવા છતાં તેઓના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકત ને સમર્થન કરેલ નથી. બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદોએ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી સિવાય અન્ય કોઈ બનાવ બનેલો નથી, આરોપીઓએ અમોને કોઈ ગાળો આપી ઝપાઝપી કરી કોઈ હથિયાર વડે માર મારેલ હોય તેવું બનેલ નથી.

(૧૦). આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ કામે તપાસેલ ફરીયાદી તથા સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી, અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે, જેથી ફરીયાદ પક્ષે રજુ થયેલ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા બનાવ સમયે તેમને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું જણાવેલ છે. આમ, આ હકીકતો ધ્યાને લેતાં, ફરીયાદ હકીકત મુજબ આ કામના આરોપીઓ તથા ચાર્જશીટની કોલમ નં.૨ માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરીએ ગઈ તા.૧૫/૦૮/૨૦૨૫ ના ક. ૨૦/૩૦ વાગ્યના અરસામા છોડવડી ગામે આ કામના ફરિયાદીના દીકરાએ નવી મોટરસાયકલ લીધેલ હોય જે આ કામના ફરિયાદીના આગલા ઘરના દીકરા આરોપી નં.(૧) ને ગમતુ ન હોય જેથી આરોપી નં.(૨) લોખંડનો પાઈપ લઈ તથા આરોપી નં.(૩) તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરી લાકડી લઈ ફરિયાદીના ઘર પાસે આવી અને કહેલ કે તે મારા પૈસાની મોટર સાયકલ શું કામ લીધેલ છે તેમ કહી ભુંડી ગાળો આપી. ફરિયાદીને આરોપી નં.(૨) તથા (૩) નાએ લોખંડનો પાઈપ તથા લાકડી વડે માથાના ભાગે મારી અને કા.સ.કી. નં.(૪) નાએ લાકડી વડે ફરિયાદી ને શરીરે માર મારી અને સાહેદ નં.(૬) તથા સાહેદ નં.(૭) વચ્ચે પડતા આરોપી ઓ તેને પણ માર મારી ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનામા એકબીજાને મદદગારી કરી મહે. જિલ્લા મેજી.સા.જૂનાગઢના હથિયારબંધી ના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી હાલનો શિક્ષા પાત્ર ગુનો આચરેલ હોવાની હકીકતો પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને હાલના ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૧). વધુમાં, સદર કામે બચાવપક્ષની સંમતિથી બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ આંક-૧૭ થી તથા મુદામાલ કબજે કર્યા અંગેના પંચનામાની ખરી નકલ આંક-૧૮ થી રજુ થયેલ છે, પરંતુ સદર દસ્તાવેજી પુરાવા સમર્થનકારક પુરાવા હોય, તેને ફરીયાદ પક્ષના મહત્વના પુરાવાની સાથે વંચાણે લેવા જરૂરી હોય છે.

જયારે ફરીયાદ પક્ષના મહત્વના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતું ન હોય, ત્યારે સમર્થનકારક પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તેમની સામે આક્ષેપાયેલ ગુના સાથે સાંકળી શકાય નહીં.

(૧૨). વધુમાં, ફોજદારી કેસોમા આરોપી વિરૂઘ્ધનો ગુનો ફરીયાદ પક્ષે પોતાનો કેસ પોતાના જ પુરાવાથી વાજબી શંકાથી પર (બીયોન્ડ રીઝનેબલ ડાઉટ) સાબિત કરવાનો રહે છે અને ફરીયાદપક્ષ જો પોતાનો કેસ સાબિત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીને મળે.

(૧૩). વધુમાં, **સતીષ મહેરા વિરૂઘ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન, ૧૯૯૬(૩) ક્રાઈમ્સ ૮૫** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દવારા પ્રતિપાદીત કરેલ સિઘ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદો ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપતા ન હોય ત્યારે બાકી ના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી.સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે :-

When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

(૧૪). વધુમાં, **નામદાર સર્વોચ્ચ અદાલતના વિરસિંઘ વિ.સ્ટેટ ઓફ યુ.પી., ((2014) 2 SCC 455)** Cri. Appeal No.256-257 of 2009 ના પેરા નંબર-૧૭ મા કરવામાં આવેલ અવલોકન ઘ્યાને લઈએ તો, Legal system has laid emphasis on value, weight and quality of evidence rather than on quantity multiplicity or plurality of witnesses. It is not the number of witnesses but-quality of their evidence which is important as there is no requirement under the Law of Evidence that any particular number of witnesses is to be examined to prove/disprove a fact. Evidence must be weighed and not counted. It is quality and not quantity which determines the adequacy of evidence as has been provided under Sec.134 of the Evidence Act. As a general rule the Court can and may act on the testimony of a single witness provided he is

wholly reliable. જે ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, કેસમાં કેટલા સાહેદો તપાસેલ છે તે મહત્વનું હોતુ નથી, પરંતુ તે સાહેદે આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની બની રહે છે.

(૧૫). આમ, ઉપરોકત ચુકાદાની હકીકત સાથે હાલના કેસની કાર્યવાહી ધ્યાને લેતાં, તથા રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીઓએ આક્ષેપિત ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષે કોઈ સાહેદે જણાવેલ નથી અને ઉલ્ટાનું ફરીયાદ પક્ષ તરફથી પુરાવા બંધનું પુરસીસ રજુ કરી વધુ સાહેદ તપાસવા નથી, તેવી હકીકત જાહેર કરેલ છે. ત્યારે, ચાર્જશીટમાં જણાવેલ દરેક સાહેદોને તપાસવામાં આવે તો પણ, કાર્યવાહીના અંતિમ પરીણામમાં કોઈ ફેરફાર થતો ન હોઈ,બિન-જરૂરી રીતે સાક્ષી તપાસી, અદાલતનો કિંમતી સમય બગાડવાનું યોગ્ય જણાતું ન હોઈ, અત્રેની કાર્યવાહીમાં અદાલતે ફરીયાદપક્ષની પુરાવા બંધની પુરસીસ આધારે વિશેષ સાક્ષીઓ તપાસવાનું ટાળેલ છે.

(૧૬). આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં, આરોપીઓને હાલના ગુનાના કામે સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## હુકમ

(૧). આ કામના આરોપી નં.(૧) મુકેશભાઈ નાજાભાઈ પરમાર, ઉ.વ.૪૫, ધંધો : મજુરી, નં.(૨) હરેશભાઈ મુકેશભાઈ પરમાર, ઉ.વ.૨૨, ધંધો : મજુરી, નં.(૩) ભાનુબેન વા./ઓ. મુકેશભાઈ નાજાભાઈ પરમાર, ઉ.વ.૪૫, ધંધો : મજુરી, રહે.તમામ છોડવડી સોવારીયા પ્લોટ, રાણપુર રોડ, તા.ભેસાણ, જી.જુનાગઢનાઓને તેઓની સામેના બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી),

૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના આક્ષેપીત ગુનાના તહોમતમાંથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) મુજબ પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ હથિયારનો અપીલ સમય વિત્યે નિયમ મુજબ નાશ કરવો.

(૩). આ કામે દરેક આરોપીઓએ બી.એન.એસ.ની કલમ–૪૮૧ મુજબ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના અપીલ સમય સુધીના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૨૯ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૯/૦૪/૨૦૨૬.
મુ.ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભેસાણ.
(કોડ નંબર–જીજે ૦૧૩૯૧)